ગાંધીનગર સમાચાર

કલેક્ટર કચેરીમાં ગ્રાન્ટના અભાવે પગાર અટકી પડ્યો

# પાસ સાથેની સરકારની બેઠક અનિર્ણિત

## પાટીદાર આંદોલનના વિવિધ મુદ્દાઓ ઉપર છ કલાકથી વધુ સમય સુધી ચર્ચા : પાટીદારો માંગણીઓ માટે મક્કમ

અમદાવાદ, તા.૧

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં ચાલી રહેલી પાટીદાર આંદોલન સંદર્ભે પાટીદાર નેતાઓને રાજ્ય સરકારે સંવેદનશીલ અભિગમ દાખવી વાટાઘાટો કરવા નિમંત્રણ આપ્યું હતું તે સંદર્ભમાં આજે ગાંધીનગર ખાતે પાસના ૧૧ કન્વીનરો સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ચર્ચા વાટાઘાટો કરવામાં આવી છે અને આ વાટાઘાટોના સુખદ પરિણામ આવશે તેવી રાજ્ય સરકારને આશા છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યના વિકાસના તમામ સંવર્ગોનો સહયોગ અનિવાર્ય છે ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પાટીદાર આંદોલન સંદર્ભે સંવેદનશીલ અભિગમ દાખવી વાટાઘાટો કરવા આજે બોલાવ્યા હતા તેમાં ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, જળસંપત્તિ રાજ્ય મંત્રી નાનુભાઈ વાનાણી અને મારા સહિત ત્રણ જણને વાટાઘાટો કરવા માટે મોકલ્યા હતા જેમાં પાટીદાર આંદોલન સંદર્ભે ચાર જેટલા મહત્વના મુદ્દાઓ જેવા કે અનામત, પોલીસ દમન, શહીદોના વારસદારોને યોગ્ય વળતર તેમજ પાટીદાર આયોગની રચના કરવા સંદર્ભે આજે છ કલાકથી વધુ સમયમાં પ્રત્યેક મુદ્દાઓ ઉપર સવિસ્તૃત વિચાર વિમર્શ કરવામાં આવી હતી જેમાં પાસ કન્વીનરો દ્વારા પણ રજૂઆતો થઈ અને સંતોષકારક પ્રતિભાવ સાંપડ્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આજે જે ચર્ચાઓ થઈ છે તે રાજ્ય સરકાર અને કન્વીનરો વચ્ચે ગુપ્ત રહેશે અને તેઓ પણ આગળ ચર્ચા માટે તૈયાર છે. કન્વીનરો દ્વારા પણ અમારી સાથે વાટાઘાટો કર્યા બાદ હાર્દિક પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી



### મિટીંગ ભાંગી પડતા આંદોલન તીવ્ર બનશે નિષ્ફળતા બાદ લોલીપોપની વહેંચણી

ગાંધીનગરમાં સરકાર અને પાટીદાર આગેવાનોની મહત્વપૂર્ણ બેઠક આજે નિષ્ફળ રહી હતી. પાસના પ્રતિનિધિઓ માંગ ઉપર મક્કમ રહેતા આ મિટીંગનો ફલોપ શો રહ્યો હતો. મિટીંગ બાદ કન્વીનર દિનેશ બાંભણીયાએ જરૂરી માહિતી આપી હતી. વનચેતના કેન્દ્ર ખાતે આજે પાસના ૧૧ કન્વીનરો અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓ વચ્ચે પાટીદાર અનામત આંદોલન અને તેમની માંગણીઓ મુદ્દે એક બેઠક યોજાઈ હતી. જો કે, આ મંત્રણા પડી ભાંગી છે. સરકારે પાટીદારોની માંગણીઓ ન સ્વીકારતા પાટીદાર કાર્યકર્તાઓએ હોબાળો મચાવતા સરકાર વિરોધી નારા લગાવ્યા હતા. પાંચ કલાક ૫૦ મિનિટની લાંબી મેરેથોન બેઠક છેવટે પડી ભાંગી હોવાની અને વાતચીત નિષ્ફળ રહી હોવાનું પાસ કન્વીનર દિનેશ બાંભણીયાએ જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# આજ રાતથી ટોલ ટેક્ષ વસુલવા સરકાર સજ્જ

## ટોલ વસુલવા માટે ૩૮૦૦ જેટલા સ્વાઇપીંગ મશીન ખરીદવામાં આવ્યા : ફાસ્ટેગ સુવિધાના ઉપયોગ તેમજ ૨૦૦ થી વધુ ટોલની ચુકવણી માટે ૧૫ ડિસેમ્બર સુધી જુની નોટો સ્વીકારવામાં આવશે : હાઇવે પરના યાત્રિકોની તકલીફ નિવારવા સરકારે શક્ય તેટલા તમામ પગલા લીધા છે :કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા

ગાંધીનગર તા ૧

આજે મધ્યરાતથી હાઈવે ટોલ ટેક્ષ વસુલવાનુ શરૂ થશે. ટોલ ટેક્ષ વસુલવા માટે સરકાર દ્વારા જરૂરી આયોજન કરવામાં આવ્યુ છે. આમ નાગરિકોને હાલાકી ન વેઠવી પડે તે માટે દેશના ટોલ પ્લાઝા પર સ્વાઈપીંગ મશીનની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. એક ટોલ પ્લાઝા પર ૧૦ સ્વાઈપીંગ મશીન લગાવાયા છે. જયારે ટોલ પ્લાઝા શરૂ કરવા માટે ૩૮૦૦ જેટલા મશીન ખરીદવામાં આવ્યા છે. ફાસ્ટેગ સુવિધાના ઉપયોગ તેમજ રૂ ૨૦૦ થી વધુ ટોલની ચુકવણી માટે આગામી તા ૧૫ ડિસેમ્બર રાત્રિના ૧૨ વાગ્યા સુધી જુની ૫૦૦ની નોટ સ્વીકારવામાં આવશે.

નોટબંધી બાદ ખોરવાયેલી ટોલ પ્લાઝાની વ્યવસ્થાને નિયમિત કરવા માટે જરૂરી તમામ આયોજન કરી દેવાયુ છે. આ અંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના જણાંવ્યા મુજબ તા ૨ ડિસેમ્બરથી ટોલ પ્લાઝા પર ટેક્ષ વસુલવાની પ્રક્રીયા શરૂ કરી દેવાશે. જયારે હાઈવે પરના યાત્રિકોને કોઈ હાલાકી ન પડે તે માટે સરકારે શક્ય તેટલા તમામ પગલા લીધા છે. જેમાં દેશના ૩૬૭ જેટલા ટોલ પ્લાઝા પર સ્વાઈપીંગ મશીન લગાવી દેવાયા છે. ૩૮૦૦ જેટલા મશીનો ખરીદવામાં આવ્યા છે. ઈ વોલેટ દ્વારા પણ ટોલનુ પેમેન્ટ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે ફાસ્ટેગ સુવિધાના ઉપયોગ માટે જુની નોટો સ્વીકારવાની પણ તૈયારી દર્શાવામાં આવી છે. ટોલ બુથો પર કોઈપણ સમસ્યાના નિકાલ માટે નેશનલ હાઈવે ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓની ટીમ તેમજ ટોલ કલેકશન કંપનીના ઉચ્ચ અધિકારી દરેક ટોલ બુથ પર હાજર રહેશે. આ ઉપરાંત માર્ગ મંત્રાલયના અધિકારીઓ પણ હાજર રહેશે. જયારે ટોલ ટેક્ષની સંબંધિત કાર્યવાહી માટે હેડ કવાર્ટર ખાતે એક મધ્યસ્થ કન્ટ્રોલ સેન્ટર શરૂ કરવામાં આવશે. વધુમાં નાણાંમંત્રાલય અને આર બી આઈ ની માર્ગદર્શિકા હેઠળ કલોઝડ લુપ કુપન ટોકન પણ ઉપયોગમાં લેવાશે. જેના વિતરણ માટેની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે વધુમાં વિગત આપતા જણાંવ્યુ હતુ કે આવનારા દિવસોમાં હજુવધુ ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરી યાત્રીઓને કોઈપણ પ્રકારની હાલાકી ન પડે તે મુજબ સેવા અપગ્રેડ કરવામાં આવશે.

# જિલ્લાના ગામોમાં પણ સ્વાઈપ મશીનો અપાશે

## ગ્રામ્ય વિસ્તારના રહીશોને ઈ-વોલેટ વિલેજ કોમ્પ્યુટર સાહસિકો બનાવી આપશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના ઈ.ગ્રામો સેન્ટરોમાં આગામી દિવસોમાં સ્વાઈપ મશીનો આપવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે જણાવ્યુ હતુ.

જિલ્લાના તલાટીઓ સાથે ગ્રામ્યવિસ્તારમાં ઈ.પમેન્ટ અંગેની સમજૂતિ આપવા આંબેડકર હોલમાં યોજાયેલ બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે આગામી ટુંક સમયમાં તમામ જિલ્લા કચેરીઓમાં ઈ.પેમેન્ટ પ્રથા અમલી બની જશે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે પેટ્રોલ પંપો પર પણ કેસ લેસ સેવાઓ શરૂ કરવા અંગેની કાર્યવાહી હાલ ગતિમાં છે. આ માટે બેંકર્સ અને પેટ્રોલ પંપોના સંચાલકો વચ્ચે એક બેઠક થઈ ગઈ છે.

પંચાયતના વેરા, લાઈટ બિલો પણ આ ઈ.પેમેન્ટ દ્વારા ચુકવી શકાશે. આ માટેની કવાયત પણ હાલ ગતિમાં છે.

● અનુસંધાન પાન-૭ પર




# મનપાનો પ્રથમ સેવા સેતુ કાર્યક્રમ સોમવારે

## આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી અને પ્રભારી સચિવ પણ વિશેષ ઉપસ્થિત રહેશે : તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાનો સેવા સેતુ કાર્યક્રમ ૫મી ડિસેમ્બરના રોજ વોર્ડ નં. ૫ થી ૮ માટેનો યાજાશે.

મહાનગરપાલિકા દ્વારા આંબેડકર હોલ સે. ૧૨ ખાતે આ કાર્યક્રમના આયોજનનો લઈ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સેવાસેતુ કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી, જિલ્લાના પ્રભારી સચિવ સંજીવકુમાર પણ ઉપસ્થિત રહેનાર છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે સવારે નવ વાગ્યે આ સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ થશે. જેમાં બપોરે ૨ વાગ્યા સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે અને આ પછી સાંજે પાંચ વાગ્યા સુધીમાં આ અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# મેયર સામેના પક્ષાંતર કેસની મુદત હવે, ૧૫મી ડિસેમ્બર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મનપાના મેયર પ્રવિણ પટેલ સામે કરાયેલ પક્ષાંતર ધારા ભંગના કેસમાં આજે વધુ એક મુદત પડી છે અને હવે ૧૫મી ડિસેમ્બરે આ કેસની કાર્યવાહી આગળ ચાલશે. નામનિર્દિષ્ટ કોર્ટમાં આજે આ કેસની મુદત હતી પરંતુ ફરિયાદી પક્ષના વકીલ સામાજિક કારણોસર હાજર રહ્યા ન હતા અને મુદતની માંગણી કરી હતી જે ગ્રાહ્ય રાખવામાં આવી હતી. હવે ૧૫મી ડિસે.ના રોજ આ કેસની સુનાવણી સક્ષમ અધિકારી સમક્ષ થશે. બન્ને પક્ષ દ્વારા આ કેસમાં રજુઆતો કરવા માટેની કવાયત પણ તેજ કરી દેવામાં આવી છે એટલે ૧૫મી ડિસેમ્બરની સુનાવણી મહત્વની સાબિત થશે તેમ મનાઈ રહ્યું છે. ગાંધીનગર મનપાના મેયર પ્રવિણ પટેલ સામે પણ કોંગ્રેસે પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ કરી છે. ભાજપે મેયરનો પક્ષપલ્ટો કરાવી અને પાછલા બારણે સત્તા મેળવી છે તે ઉલ્લેખનીય છે.

# કલેક્ટર કચેરીમાં ગ્રાન્ટના અભાવે પગાર અટકી પડ્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર કલેક્ટર કચેરીના નિયમિત કર્મચારીઓનો આજે ગ્રાન્ટના અભાવે પગાર ના થતાં કર્મચારી આલમમાં મુદ્દો ચર્ચાનો બન્યો હતો.

મળતી વિગતો મુજબ ફિક્સ પગારના કર્મચારીઓની ગ્રાન્ટ સરકાર દ્વારા અલગથી ફાળવવામાં આવે છે જે ગ્રાન્ટની રકમ આવી ગઈ છે. જ્યારે મંજૂર થયેલ મહેકમના કર્મચારીઓના પગારની ગ્રાન્ટ અલગ સદર હેઠળ ફાળવવામાં આવતી હોય છે. સામાન્યતઃ ૨૦મી પછી પગાર બિલો મોકલવામાં આવતા હોય છે પરંતુ ગ્રાન્ટના અભાવે બિલો રવાના થયા ન હતા.

કલેક્ટર કચેરીના કર્મચારીઓ જ પગાર વિના આજે રહ્યા છે. જો કે આ માટે વિભાગમાં રજુઆત કરવામાં આવી છે અને આગામી એકાદ-બે દિવસમાં ગ્રાન્ટ મળતાં જ પગાર બિલો બનાવી તે રજુ કરવામાં આવશે. કલેક્ટર કચેરીના કર્મચારીઓનો પગાર બાકી જતાં કર્મચારી આલમમાં તે મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો હતો.


ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. હેમચંદ્ર શંકરરાવ થોરાત
( નિવૃત જિલ્લા રમતગમત અધિકારી)
સ્થાપક : થોરાત હેમહેલ્થ સેન્ટર, સેક્ટર ૨૭
સ્વ. તા. ૦૨/૧૨/૨૦૧૨
સદૈવ પ્રેરક, પ્રોત્સાહક, માર્ગદર્શક અને સહાયક એવા વાત્સલ્યમૂર્તિ, આત્મીય, સ્વજનસમા આપશ્રીને અમારી ભાવભીની શ્રદ્ધાંજલિ
ગં. ભા. સુશીલાદેવી થોરાત
નયન હેમચંદ્ર થોરાત — સંજય હેમચંદ્ર થોરાત
વિશાલ હેમચંદ્ર થોરાત — વૈશાલી કૌસ્તુભ શિર્કે

પાંચમી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



સ્વ.શ્રી લક્ષ્મણસિંહજી પી. ડાભી (પૂર્વ નગરપતિ : પેથાપુર )
સ્વ તા. ૦૨-૧૨-૨૦૧૧
મરણ કરતા સ્મરણ બળવાન છે, આપની સ્મૃતિ એક વરદાન છે.
આપના ચિંધેલા રાહ પર અમે અડગ પણે ચાલતા રહીશું,
આપના આત્માને શાંતિ મળે તેવી પ્રભુને પ્રાથના કરતાં રહીશું.
સૂર્યસિંહજી ડાભી (એડવોકેટ)
પ્રમુખ - ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
ગં.સ્વ.સરલાબા ડાભી, ગં.સ્વ.કૈલાસબા રાણા, પારૂલબા ડાભી
સ્વ.એકતાબા દેવડા, સ્વ.ચંદ્રસિંહજી ડાભી, સોનલબા ડાભી
હેતલસિંહ દેવડા, પૃથ્વીસિંહજી ડાભી, હીનાબા ડાભી
જયદેવસિંહ ડાભી, અનિરૂધ્ધસિંહ રાણા, વિજયસિંહ રાણા
જાહ્નવીબા, અંજલીબા, કાલીંદીબા, મેઘાબા, વિધીબા, કુશલસિંહ, ધૈર્યદેવસિંહ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT, KisaN, ashirvad, BENELAVE, DR.FIXIT, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com